# આકાશવાણી –ભુજ

## સમાચાર વાચક: આરતી ભટ્ટ

## કમ્પ્યુટરરાઈઝ: મીત ગોર

**તારીખ: ૧૬-૦૬-૨૦૨૪ રવિવાર** **સમય: સાંજે : ૬:૨૫**

## અમરનાથ યાત્રા સમીક્ષા બેઠક ગૃહ મંત્રી શ્રી શાહ

જમ્મુ અને કાશ્મીરમાં સુરક્ષાની સ્થિતિ અને અમરનાથ યાત્રાની તૈયારીઓની સમીક્ષા કરવા માટે કેન્દ્રીય ગૃહ પ્રધાન અમિત શાહે રવિવારે નવી દિલ્હીમાં એક ઉચ્ચ સ્તરીય બેઠકની અધ્યક્ષતા કરી હતી. મીટિંગ દરમિયાન, શ્રી શાહે કેન્દ્રશાસિત પ્રદેશમાં તાજેતરના આતંકવાદી હુમલાઓને પગલે સુરક્ષાની સ્થિતિની સમીક્ષા કરી હતી.

રાષ્ટ્રીય સુરક્ષા સલાહકાર અજિત ડોભાલ, જમ્મુ અને કાશ્મીરના લેફ્ટનન્ટ ગવર્નર મનોજ સિંહા સહિત વરિષ્ઠ સૈન્ય અધિકારીઓ કેન્દ્રીય સશસ્ત્ર પોલીસ દળોના જનરલ, મુખ્ય સચિવ, જમ્મુ અને કાશ્મીરના ડીજીપી અને અન્ય વરિષ્ઠ અધિકારીઓએ બેઠકમાં હાજરી આપી હતી.

વાર્ષિક અમરનાથ યાત્રા આ મહિનાની 29મી તારીખે શરૂ થવાની છે અને 19મી ઓગસ્ટ સુધી ચાલશે.

News On Air

---

## નવા ફોજદારી કાયદા અમલ ૧ જુલાઈ ૨૦૨૪

કાયદા અને ન્યાય રાજ્ય મંત્રી અર્જુન રામ મેઘવાલે જણાવ્યું હતું કે ભારતીય ન્યાય સંહિતા, ભારતીય સુરક્ષા સંહિતા અને ભારતીય પુરાવા અધિનિયમ નામના ત્રણ નવા ફોજદારી કાયદા 1 જુલાઈ, 2024 થી અમલમાં આવશે. ભારતના કાયદા પંચના યોગ્ય પરામર્શ પ્રક્રિયા અને અહેવાલોને ધ્યાનમાં રાખીને ત્રણેય કાયદાઓમાં ફેરફારો કરવામાં આવ્યા છે.

News On Air

---

## CBIC - નાણાકીય છેતરપિંડીની સામે જાગૃતિ

સેન્ટ્રલ બોર્ડ ઓફ ઇનડાયરેક્ટ ટેક્સીસ એન્ડ કસ્ટમ્સ - CBIC એ દેશમાં નાણાકીય છેતરપિંડીની વધતી જતી ઘટનાઓને પહોંચી વળવા માટે બહુ-મોડલ જાગૃતિ અભિયાન શરૂ કર્યું છે. અભિયાન અંતર્ગત સામાન્ય જનતાને અખબારો, મોબાઈલ મેસેજ, ઈમેલ અને સોશિયલ મીડિયા અને અન્ય માધ્યમો દ્વારા આર્થિક છેતરપિંડીથી બચાવવા માટે જાગૃત કરવામાં આવી રહી છે. CBIC એ લોકોને વિનંતી કરી છે કે તેઓ છેતરપિંડી કરનારાઓ લોકો સાથે કોઈ પણ માહિતી આપ લે ન કરે એમ જણાવાયુ છે.

News On Air

---

## મુખ્યમંત્રી શ્રી પટેલ શાળા પ્રવેશ ઉત્સવ

રાજ્યમાં નવા શૈક્ષણિક સત્ર નો પ્રારંભ થઇ ગયો છે આગામી ૨૭ મી જૂનથી ત્રણ દિવસ યોજનાર શાળા પ્રવેશ ઉત્સવ કાર્યક્રમ સંદર્ભે 24 મી જુને મુખ્યમંત્રી ભુપેન્દ્ર પટેલના અધ્યક્ષ સ્થાને ઉચ્ચસ્તરીય બેઠક મળશે જેમાં શાળા પ્રવેશ ઉત્સવના કાર્યક્રમને આખરી ઓપ આપવામાં આવશે.

આરતી ભટ્ટ / NP

---

## બાગાયતી પાકો અંગે યોજનાઓ

ગુજરાત સરકાર દ્વારા રાજ્યમાં બાગાયતી ખેતીના વિકાસ માટે વિવિધ યોજનાઓ અમલમાં મૂકવામાં આવી છે. વર્ષ 2024-25 માં બાગાયતી ખેતી કરતા ખેડૂતોને પ્રોત્સાહન આપવા રાજ્ય સરકાર દ્વારા ત્રણ યોજનાઓ મંજુર કરવામાં આવી હતી. જેને અમલમાં મૂકવામાં આવી છે જે અન્વયે શાકભાજીના પાકોમાં પ્રાકૃતિક કૃષિ ને પ્રોત્સાહન આપવાની યોજના તથા ફળના પાકોમાં ઉત્પાદકતા વધારવાનો કાર્યક્રમ અમલમાં મૂકવામાં આવ્યો છે.

આરતી ભટ્ટ / NP

---

## રાજ્ય સરકાર – મગની ટેકાના ભાવે ખરીદી

રાજ્ય સરકાર આગામી ૨૦મી જૂનથી ઉનાળુ મગના ટેકાના ભાવે ખરીદી શરૂ કરશે. કૃષમંત્રી રાઘવજી પટેલે જણાવ્યું છે કે, ખેડૂતો પાસેથી ટેકાના ભાવે 108 કરોડ રૂપિયાની કિંમતના 12 હજાર, 633 મેટ્રીક ટન મગની ખરીદી કરવામાં આવશે. મગની ખરીદી માટે ગઈકાલથી ખેડૂતોની નોંધણી શરૂ કરી દેવામાં આવી છે.

તેમણે વધુમાં જણાવ્યું છે કે, ખેડૂતોને પોષણક્ષમ ભાવ મળી રહે તે માટે ભારત સરકાર આ વર્ષે મગના પાકનો ટેકાનો ભાવ આઠ હજાર, 855 પ્રતિ ક્વિન્ટલ નક્કી કર્યો છે. રાજ્યમાં મગના પાકના વાવેતર અને ઉત્પાદનને ધ્યાનમાં રાખીને ટેકાના ભાવે ખરીદી માટે 45 ખરીદી કેન્દ્રો નક્કી કરવામાં આવ્યા છે.

શ્રી પટેલે ખાતરી આપી છે કે, રાજ્ય સરકાર દ્વારા ખેડૂતો પાસેથી ઉનાળુ મગની ખરીદી પુરતા પ્રમાણમાં કરવામાં આવશે. રાજ્યમાં વધુમાં વધુ ખેડૂતો ઓનલાઇન નોંધણી કરાવે અને મહત્તમ ખેડૂતોને ટેકાના ભાવે ખરીદીનો લાભ લેવા અનુરોધ કર્યો છે.

RNU અમદાવાદ

---

## નવચેતન અંધજન મંડળ - રાજ્યકક્ષાની  સ્પર્ધાઓ

જીલ્લાના માધાપર ખાતે આવેલ નવચેતન અંધજન મંડળ ખાતે દ્રષ્ટિ ક્ષતિ ધરાવતા દિવ્યાંગ બાળકો માટે રાજ્ય કક્ષાની ક્રિકેટ સ્પર્ધા નું આયોજન વિકલાંગ વિદ્યાવિહાર માધાપર ખાતે કરવામાં આવ્યું હતું.

આરતી ભટ્ટ / NP

---

## જીલ્લા માં વરસાદી માહોલ

ચોમાસુ ગુજરાતમાં પ્રવેશ્યું છે ત્યારે જિલ્લામાં પણ પ્રિ મોન્સુન એક્ટિવિટી સક્રિય થઈ છે.પૂર્વ કચ્છ માં વરસાદી ઝાપટાનો દોર ચાલી રહ્યો છે દરમિયાન આજે સવારે જિલ્લા મથક ભુજ અને આજુબાજુના વિસ્તારમાં વાદળછાયા  વાતાવરણ વચ્ચે ઝાપટાથી માર્ગો ભિના થયા હતા. તો આજે સવારે મુન્દ્રા પંથકમાં વરસાદે હાજરી નોંધાવીને વરસાદી ઝાપટાથી પાણી વહી નીકળ્યા હતા. હવામાન વિભાગે આગામી ચાર દિવસમાં વરસાદી માહોલની આગાહી કરી છે

આરતી ભટ્ટ / NP